

વીતરાગદેવ ફરમાવે છે કે તું પરમાત્મસ્વરૂપ જ છો એમ દૃષ્ટિ કર. પ્રભુ ! સર્વજ્ઞદેવ કહે છે કે મારા સ્વભાવમાં ને તારા સ્વભાવમાં આંતરો—તફાવત છે જ નહીં. વ્યક્તરૂપે અમને જે દશા પ્રગટ થઈ છે તેવો જ તું છો. પ્રભુ ! મારા ને તારા સ્વભાવમાં કાંઈ ફેર નથી પણ તારા સામર્થ્યની તને ખબર નથી ભાઈ !

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૨૨ સં. ૨૦૫૮ [૭૦૦] * આત્મધર્મ * [ અંક-૮ વર્ષ-૫૮ ] વીર સં. ૨૫૨૮ ફેબ્રુઆરી-૨૦૦૨

પધારો! મંગલ મહોત્સવ! અવશ્ય પધારો!

ક્યાં?

## ગુજરાત પ્રદેશની સુપ્રસિદ્ધ નગરી અમદાવાદ(ખાડિયા) શહેરમાં.

શું છે ત્યાં?

## શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ.

પ્રતિષ્ઠા છે કોની?

## સમવસરણસ્થિત વિદેહીનાથ શ્રી સીમંધરભગવાનની, મુનિસભાસ્થિત ભરતક્ષેત્રના શ્રી કુંદકુંદાચાર્યદેવની તથા વિદેહક્ષેત્રસ્થ વીસ જિનવરોની.

પ્રતિષ્ઠા છે ક્યારે?

## ★ મંગલ પ્રતિષ્ઠા-મહોત્સવ ★

માઘ સુદ ૮, બુધવાર, તા. ૨૦-૨-૨૦૦૨ થી માઘ સુદ ૧૫, બુધવાર, તા. ૨૭-૨-૨૦૦૨

**વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ તથા નિજ શુદ્ધાત્મતત્ત્વની લોકોત્તર મહિમા આપણા હૃદયમાં ઉત્કીર્ણ કરનાર પરમોપકારી પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તથા પોતાના સમ્યક્ જાતિસ્મરણજ્ઞાનવૈભવથી સમવસરણયુક્ત વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામીનો આપણા ભરતક્ષેત્રમાં પદાર્પણ કરાવનાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ઉપકાર-પ્રતાપથી તથા આદર્શ આત્માર્થી પંડિતરત્ન આદરણીય શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહની મંગલ આશિષથી સુસંપન્ન થવાવાળા આ ભવ્ય પંચકલ્યાણક--પ્રતિષ્ઠોત્સવમાં પધારવા માટે શ્રી અમદાવાદ (ખાડિયા) દિ. જૈન મુમુક્ષુમંડળ તરફથી સંપૂર્ણ મુમુક્ષુસમાજને સાદર આમંત્રણ છે.**

(પ્રતિષ્ઠા--મહોત્સવની મહત્વપૂર્ણ બોલી--ઈન્દ્રો, કુબેર વગેરેની બોલી--પ્રતિષ્ઠોત્સવના પહેલા દિવસે (તા. ૨૦-૨-૨૦૦૨, બુધવાર, માઘ સુદ ૮ના દિને) તથા પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિમ્બ બિરાજમાન કરવાની, ધર્મધ્વજારોહણની અને પચંપરમેષ્ઠીમંડલવિધાનપૂજાના ઈન્દ્રોની બોલી તા. ૧૯-૨-૨૦૦૨, મંગળવારના દિવસે બોલવામાં આવશે.)

PHONE : (079) 640 21 33, 640 21 44 E-mail : digambarmandir khadia@

કહાન
સંવત-૨૨
વર્ષ-૫૮
અંક-૮
[૭૦૦]

વીર
સંવત
૨૫૨૮
સં. ૨૦૫૮
February
A.D. 2002




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# શુદ્ધાત્મ–અવલોકન जाण अलिंगग्गहणम्।

(શ્રી સમયસાર ગાથા–૪૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

(તા. ૧૭-૧-૭૮)

શ્રી સમયસારશાસ્ત્રની આ ગાથા ઘણી જૂની છે ને ઘણા શાસ્ત્રોમાં તે છે. શ્રી પ્રવચનસારમાં, શ્રી સમયસારમાં, શ્રી પંચાસ્તિકાયમાં, શ્રી નિયમસારમાં, શ્રી અષ્ટપાહુડમાં અને શ્રી ધવલમાં પણ આ ગાથા છે. શ્રી કુંદકુંદાચાર્યદેવના બધા જ શાસ્ત્રોમાં આ ગાથા છે. તેમાં આ જે અવ્યક્ત નો બોલ છે તે ઘણો જ સૂક્ષ્મ છે.

अरसमरूवमगंधं अव्वत्त चेदणागुणमसद्दं।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं॥४६॥

**જીવ ચેતનાગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ-વ્યક્તિ વિહીન છે**
**નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯.**

+++...હવે 'અવ્યક્ત' વિશેષણને સિદ્ધ કરે છે :

છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. ૧.

આત્માને અવ્યક્ત કહે છે, ક્યા આત્માને ?–કે શુદ્ધ ચિદ્ઘન આનંદકંદ ધ્રુવ આત્મા છે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. તેને શા કારણથી અવ્યક્ત કહેવામાં આવે છે તે કહે છે. પોતાના આત્મા સિવાય જે છ દ્રવ્યસ્વરૂપ—અનંત જીવ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અને અનંત પુદ્ગલસ્વરૂપ—લોક જે જ્ઞેય છે, પર તરીકે જાણવાલાયક છે–તેનો આત્મા જ્ઞાયક છે. છ દ્રવ્યસ્વરૂપ લોકમાં અનંત સિદ્ધ ભગવાન

આવ્યા, ત્રિકાળવર્તી અનંત પંચપરમેષ્ઠિ ભગવાન પણ આવી ગયા, પણ તે બધાં જ્ઞેય-પર તરીકે જાણવા લાયક છે-એમ અહીં કહે છે. તેમ જ છ દ્રવ્યસ્વરૂપ લોકમાં દેવ-શાસ્ત્ર-ગુરુ પણ આવી જાય છે પણ તે પોતાપણે માનવા લાયક છે એવું આમાં આવ્યું નહીં, જાણવા લાયક છે એમ કહ્યું.

એક બાજુ જ્ઞાયક ભગવાન આત્મા છે ને બીજી બાજુ છ દ્રવ્ય જ્ઞેય છે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લકરચિત સમ્યગ્જ્ઞાનદીપિકામાં આ પહેલાં બોલનો એવો અર્થ લીધો છે કે આત્મા જ્ઞાયક છે અને છ દ્રવ્યો જ્ઞેય છે ત્યાં આત્મા છ દ્રવ્યથી ભિન્ન-સપ્તમ્ થઈ જાય છે. અનંત અનંત જ્ઞેયો-અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત મુનિઓ, અનંત પુદ્ગલો-બધું છ દ્રવ્યસ્વરૂપ લોકમાં આવી જાય છે. આત્મા જ્ઞાયક છે તે આ છ દ્રવ્ય-જ્ઞેયથી ભિન્ન છે તે કારણથી તે સપ્તમ્ છે. છ દ્રવ્યમાં આત્મા પણ આવી જાય છે પણ સ્વ અને પરને જાણવાવાળો આત્મા જ્ઞાયક હોવાથી તેને જ્ઞેયથી ભિન્ન સપ્તમ્ કહ્યો છે, અને આવો આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન, સ્વસંવેદન, શુદ્ધાત્મપ્રાપ્તિ, શુદ્ધાત્મઆચરણ-સ્વરૂપ આચરણ એ બધું સમ્યગ્દર્શનની પ્રાપ્તિના કાળમાં બધું સાથે જ હોય છે. આ ચોથા ગુણસ્થાનની વાત છે, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનની વાત તો અલૌકિક છે.

છ દ્રવ્યસ્વરૂપ લોક કહીને કોઈ અજ્ઞાની એક જ આત્મા કહે છે અને કોઈ અજ્ઞાનીઓ કાળદ્રવ્યને જ નથી માનતા તેનું ખંડન કર્યું. તથા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સર્વજ્ઞ ભગવાન સિવાય બીજા કોઈએ જાણ્યા નથી એનું પણ જ્ઞાન કરાવ્યું. અનંતા જીવો છે તેમાં નિગોદના જીવો પણ છે, અંગુલના અસંખ્ય ભાગમાં અસંખ્ય શરીર છે અને એક શરીરમાં અનંત આત્માઓ છે, આખા લોકમાં એવા નિગોદના જીવો ભર્યા છે; તેનાથી અનંતગુણા પરમાણુઓ ભર્યાં છે—આ બધું છ દ્રવ્યસ્વરૂપ લોકમાં આવે છે અને લોક જે અસંખ્ય પ્રદેશોમાં આવે છે તે સિવાય ચારે બાજુ અનંત અનંત પ્રદેશોમાં ખાલી ખાલી ભાગ છે તેવા અંત વગરના આકાશને અલોક કહેવામાં આવે છે, તે પણ આ છ દ્રવ્યસ્વરૂપ લોકમાં આવી જાય છે. આ જે ચૌદ બ્રહ્માંડ છે તે અસંખ્ય પ્રદેશોમાં છે અને ખાલી ભાગ અનંત અનંત અનંત-જેનો ક્યાંય અંત નથી તેવું અલોકાકાશ તે પણ આ છ દ્રવ્યમાં આવી જાય છે-જ્ઞેયમાં આવી જાય છે અને તેને જાણવાવાળો જ્ઞાયક આત્મા પણ આમાં આવી જાય છે પણ અહીં તો તેને તેનાથી ભિન્ન બતાવવો છે.

શ્રી કુંદકુંદાચાર્ય પછી એક હજાર વર્ષે શ્રી અમૃતચંદ્રાચાર્ય થયા અને અત્યારથી

એક હજાર વર્ષ પહેલાં તેઓ (શ્રી અમૃતચંદ્રાચાર્ય) થઈ ગયા છે, તેમણે આ અલૌકિક વાત કરી છે. તેઓ મહા સંત મહા મુનિ ભાવલિંગી સંત હતા. જેમને અંતરમાં ઉગ્રપણે સ્વઆનંદનું વેદન એ ભાવલિંગ–ભાવચિહ્ન હતું. સાધુનું ભાવચિહ્ન તો આનંદનું ઉગ્રવેદન હોય છે. નગ્નપણું ને પાંચ મહાવ્રત એ તો દ્રવ્યલિંગ છે. અહીં તો છ દ્રવ્યસ્વરૂપ લોકમાં દ્રવ્યલિંગ આવી જાય છે, પાંચ મહાવ્રતાદિના પરિણામ પણ છ દ્રવ્યસ્વરૂપમાં આવી જાય છે, સાધુને જે અઠ્ઠાવીસ મૂળ ગુણ છે તે છ દ્રવ્યસ્વરૂપમાં આવી જાય છે, તે આત્મામાં નથી–એમ કહે છે. આહાહા ! ખૂબ ગંભીર વાત છે, આવી વાત ક્યાંય છે નહીં. દિગંબર સંત સિવાય ત્રણ કાળમાં ક્યાંય આવી વાત છે નહીં. લોકોએ વિચાર કર્યો નથી, નિર્ણય કર્યો નથી કે વસ્તુ કેવી હોવી જોઈએ ? અને વસ્તુ છે તો તે કેવી છે ?

અહીં કહે છે કે ભગવાન આત્મા કેવો છે ? કે–અવ્યક્ત છે, અર્થાત્ છ દ્રવ્યસ્વરૂપ લોક છે તે જ્ઞેય છે તો આત્મા એકલો જ્ઞાયક છે; જ્ઞેય છે તે વ્યક્ત છે, બાહ્ય છે, પ્રગટ છે અને ભગવાન આત્મા અભ્યંતર તેનાથી ભિન્ન છે, અવ્યક્ત છે. આવા છ દ્રવ્યસ્વરૂપ લોકને સર્વજ્ઞ ભગવાને જોયો છે. જિનેન્દ્ર સિવાય છ દ્રવ્યને કોઈએ જોયા નથી. આ વાત ઘણી સૂક્ષ્મ છે. અહીં તો આ એક એક શબ્દનો અર્થ કરીને સભામાં અઢાર વખત વંચાઈ ગયું છે ને આ ખાસ ફરીથી વંચાય છે.

છ દ્રવ્યસ્વરૂપ લોક જ્યારે જ્ઞેય છે તો ભગવાન આત્મા એકલો જ્ઞાયક છે. રાગ–દ્વેષ, પુણ્ય–પાપ બધું પર જ્ઞેયમાં જાય છે. વ્યવહારરત્નત્રય, દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, નવતત્ત્વની શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન–એ વિકલ્પાત્મક બાહ્ય છે, તે બધું જ્ઞેયમાં જાય છે, આત્મા તો તેનાથી ભિન્ન જ્ઞાયક છે. અને જ્યારે છ દ્રવ્યસ્વરૂપલોક અને વ્યવહાર આદિ વિકલ્પ વ્યક્ત છે, બાહ્ય છે, પ્રસિદ્ધ છે એ અપેક્ષાથી ભગવાન આત્મા અવ્યક્ત છે, અભ્યંતર છે, ભિન્ન છે.

આહાહા ! આટલા શબ્દોમાં આટલું બધું ભર્યું છે ! તે સમજે નહિ ને એમ ને એમ સમયસાર વાંચી જાય ને કહે કે અમે સમયસાર વાંચી લીધું–તો એમ ન ચાલે. સમયસાર તો અલૌકિક ચીજ છે.

એક બાજુ વ્યક્ત વસ્તુ છે તો સામે આત્મા એક અવ્યક્ત સપ્તમ્ વસ્તુ છે. છ દ્રવ્ય જેમ જ્ઞેય છે તો ભગવાન તેનાથી ભિન્ન, અવ્યક્ત જ્ઞાયક છે. અવ્યક્ત કેમ કહ્યો ?–કે બાહ્યમાં આવ્યો નથી, પર્યાયમાં પણ આવ્યો નથી. ખરેખર તો જે જ્ઞાયકભાવને અવ્યક્ત કહ્યો છે તે જ્ઞાયકભાવ જણાય છે તો પર્યાયમાં, છ દ્રવ્યસ્વરૂપ જ્ઞેય અને હું

તેનો જ્ઞાયક છું ત્યાં દ્રવ્ય જ્ઞાયક છે, પણ જણાય છે તો પોતાની પર્યાયમાં. આવા જ્ઞાયક આત્માને છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે, વ્યક્ત છે, પ્રગટ છે, બાહ્ય છે અને હું અભ્યંતર, પૂર્ણ, અખંડ છું એમ પર્યાયમાં જણાય છે. —આવો 'અવ્યક્ત'નો એક અર્થ છે, આવા છ અર્થો છે.

ભગવાન આત્મા છ દ્રવ્યમાં તો આવે છે, કાંઈ છ દ્રવ્યથી ભિન્ન નથી પણ છ દ્રવ્યને ભિન્ન કહીને પોતાનો આત્મા વ્યક્તથી ભિન્ન છે, પ્રગટથી અભ્યંતર છે, જ્ઞેયથી જ્ઞાયક છે એ કારણે શ્રી ધર્મદાસજીએ 'સમ્યગ્જ્ઞાનદીપિકા'માં આત્માને છ દ્રવ્યસ્વરૂપ હોવા છતાં સપ્તમ્—સાતમી ચીજ થઈ એમ કહ્યું છે. આહાહા! આવું સમજવાની દરકાર કરી નહિ ને ક્રિયાકાંડમાં લાગ્યો રહ્યો તેને આવો અવ્યક્ત આત્મા હાથ નહીં આવે. અહીં તો ક્રિયાકાંડને જ્ઞેયમાં ને વ્યક્તમાં લીધી છે.

સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ સીમંધરભગવાન મહાવિદેહમાં બિરાજે છે તેમની દિવ્યધ્વનિની આ વાણી છે. જ્યાં રાગ હોય ત્યાં ભેદવાળી વાણી હોય છે તેથી ભગવાનને ભેદવાળી વાણી હોતી નથી. રાગ નથી ને સર્વજ્ઞ એકાકારપણું થયું છે ત્યાં એકાક્ષરી ૐની ધ્વનિ ઊઠે છે.

ભગવાનને ૐધ્વનિ નીકળે છે તેમાં સાતસો જાતની ભાષા એકસાથે આવે છે.

मुख ॐकारधुनि सुनि अर्थ गणधर विचारे।
रची आगम उपदेश भविक जीव संशय निवारे।।

સંતોના નાયક, ચાર જ્ઞાન, ચૌદ પૂર્વને ધરનાર ગણધર દેવ ભગવાનની વાણીમાં શું આવે છે તે વિચારે અને શાસ્ત્રની રચના કરે છે. તેઓએ શાસ્ત્રની જે રચના કરી—આગમની રચના કરી તે અહીં કુંદકુંદાચાર્ય ભગવાન કહે છે. સંતોની વાણી છે તે ભગવાનની વાણી છે. સંતોની આવી વાણી જે ભવ્યો સાંભળે છે તે સાંભળીને સંશય—ભ્રમણાનો નાશ કરે છે. હું શરીરવાળો છું, રાગવાળો છું, એક સમયની પર્યાય સ્વરૂપે છું એવી જે બુદ્ધિ છે તે મિથ્યાત્વ—ભ્રમણા છે. ભવિક જીવ—લાયક જીવ આ પરમાગમ સાંભળીને એવી મિથ્યાબુદ્ધિનો નાશ કરે છે.

શ્રી કુંદકુંદાચાર્યભગવાને આત્માને 'અવ્યક્ત' કેમ કહ્યો? 'અવ્યક્ત' વિશેષણ કેમ લગાડ્યું? આત્મા વિશેષ્ય ને અવ્યક્ત તેનું વિશેષણ. અવ્યક્ત વિશેષણ કેમ લગાડ્યું?—કે છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે તે વ્યક્ત છે ને તેનાથી ભિન્ન આત્મા છે તે કારણે તેને અવ્યક્ત કહ્યો છે. સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી જ્ઞાયકભાવ છે.

જ્ઞાનપ્રધાનની જ્યારે વાત કરવામાં આવે ત્યારે પરનું જ્ઞાન અને સ્વનું—પોતાનું જ્ઞાન—એમ બન્નેની યથાર્થ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે એમ પ્રવચનસારમાં કહેવામાં આવ્યું છે. અહીં પર્યાયમાં પરનું જ્ઞાન છ દ્રવ્યનું જ્ઞાન આવી ગયું ને તે પર્યાય અવ્યક્તને પ્રતીત કરે છે તેમાં સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય બન્ને આવી ગયા. આહાહા ! આવો સૂક્ષ્મ વિષય અહીં સમજાવ્યો છે. એક વાક્યમાં તો ઘણું સૂક્ષ્મ ભર્યું છે.

## ★ જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે ★

અહીં જીવ શબ્દ કેમ લીધો છે ? जीवमणिद्दिट्ठसंठाणं કહીને વેદાંતમાં આત્મા છે તે સર્વ વ્યાપક છે અને મનવિશિષ્ટ સહિતને જીવ કહે છે તે ખોટું છે એમ કહે છે. જીવ કહો કે આત્મા કહો બન્ને એક જ વસ્તુ છે. આત્મા જુદો છે ને જીવ જુદો છે—એમ નથી. અહીં જે જીવ કહ્યો છે તે છ દ્રવ્ય જે જ્ઞેય છે, વ્યક્ત છે, તેનાથી અન્ય છે. બધાની સાથે એક થઈને રહે છે—એમ નથી. કોઈ કહે છે કે જીવ મુક્ત થાય છે ત્યારે બધા એક થઈ જાય છે, પણ એમ નથી, અનંત આત્મા છે, અનંતગુણા પરમાણું છે, જીવ અને જડ ગતિ કરે છે ત્યારે તેને નિમિત્ત ધર્માસ્તિકાય નામનું એક અરૂપી દ્રવ્ય છે, જીવ અને જડ ગતિ કરીને સ્થિર થાય તેને નિમિત્ત અધર્માસ્તિકાય નામનું એક અરૂપી દ્રવ્ય છે. બધા દ્રવ્યોને રહેવાને, વ્યવહાર અવગાહન આપનાર આકાશ દ્રવ્ય છે અને છએ દ્રવ્યોમાં પરિણમન થાય છે તે પોતાથી થાય છે તેમાં નિમિત્ત કાળદ્રવ્ય છે—આવા છ દ્રવ્યસ્વરૂપ લોક છે.

આ જે છ દ્રવ્ય છે, તેની એક સમયની જે પર્યાય છે તે પોતામાં પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે, તે પૂર્વપર્યાયના કારણથી ઉત્પન્ન થતી નથી, દ્રવ્ય-ગુણથી ઉત્પન્ન થતી નથી અને નિમિત્તથી પણ ઉત્પન્ન થતી નથી. છ દ્રવ્યમાં દ્રવ્ય—ગુણ તો કાયમ છે પણ એક સમયની જે નવી નવી પર્યાય ઉત્પન્ન થાય છે તે પર્યાય અહીં લોકમાં આવી જાય છે તે પર્યાય વિકૃત હો કે અવિકૃત હો પણ તેનું સ્વરૂપ એવું છે કે વર્તમાનમાં તે પોતાના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણથી ઉત્પન્ન થાય છે; પૂર્વના કારણથી થાય છે કે કારણનું કાર્ય છે—એ બધા નિમિત્તના વ્યવહારના કથન છે.

આહાહા ! શું કથન છે ! વ્યવહારથી નિશ્ચય થાય છે, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય છે, પૂર્વપર્યાય કારણ ને ઉત્તરપર્યાય કાર્ય—એ બધા વ્યવહારનાં વચન છે. એક એક સમયની પર્યાય—ચાહે તો કેવળજ્ઞાન હો, ચાહે તો નિગોદના જીવની અક્ષરના અનંતમાં ભાગની જ્ઞાનની પર્યાય હો, ચાહે તો મિથ્યાત્વ હો કે ચાહે તો રાગનો

કણ હો–એ બધી પર્યાયનું અસ્તિત્વ જગતમાં, છ દ્રવ્યમાં છે પણ તે અસ્તિત્વ એવું છે કે જેમ છ દ્રવ્ય સ્વરૂપ લોક છે તેમ પર્યાય પણ પોતામાં, પોતાથી, પોતાના કારણથી છે. જેમ દ્રવ્ય ને ગુણ પોતામાં, પોતાથી છે તેમ પર્યાય પણ પોતાથી, પોતાના કારણથી છે.

કોઇ કહે કે અધ્યાત્મમાં આમ કહ્યું છે ને આગમમાં આમ કહ્યું છે ને ન્યાયશાસ્ત્રોમાં આમ કહ્યું છે, તો કહે છે કે બાપુ ! એ બધા કથન છે, પહેલાં તો છ દ્રવ્યસ્વરૂપ લોક છે; —એમ છે કહેતાં અનંતદ્રવ્યની પર્યાય પણ છે એમ એમાં આવી ગયું. પર્યાય કોઇને કારણે છે-એમ નથી, પર્યાય સત્ છે, તેનો કોઈ હેતુ નથી. 'છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે'–તેમાં 'છે' તે સત્ છે. દ્રવ્ય સત્ છે, ગુણ સત્ છે, પર્યાય પણ સત્ છે. જેમ દ્રવ્યનું કોઇ બીજું કારણ નથી, ગુણનું કોઈ બીજું કારણ નથી તેમ વિકારી કે અવિકારી પર્યાયનું પણ કોઇ બીજું કારણ નથી, એ પર્યાય પણ પોતાના કારણથી તે સમયમાં નિરાલંબપણે—દ્રવ્ય ગુણના આલંબન વિના, નિમિત્તના આલંબન–અપેક્ષા વિના, પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે–એ લોકનું સ્વરૂપ છે.

'લોક જે જ્ઞેય છે, વ્યક્ત છે,' તે એક સમયની વાત છે, એક સમયમાં છ પ્રકારના દ્રવ્ય અને તેના–પર્યાયસ્વરૂપ લોક છે, તે જ્ઞેય છે અને વ્યક્ત પ્રગટ છે. આ દ્રવ્ય-ગુણ ને પર્યાય બધું પ્રગટ છે, બાહ્ય છે; ભગવાન આત્મા તેનાથી અભ્યંતર ભિન્ન છે માટે એ કારણે તેને અવ્યક્ત કહેવામાં આવ્યો છે. આહાહા ! દિગંબર સંતોની વાણી એટલી ગંભીર, એટલી ગહન, એટલી માર્મિક છે કે એક એક શબ્દમાં અનંત અનંત આગમનાં રહસ્ય ભર્યાં છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે ''જ્ઞાનીનાં એક વાક્યમાં અનંત આગમ ભર્યા છે.''

અહીં એમ કહ્યું છે કે જે દ્રવ્ય-ગુણ-પર્યાય છે, 'છે' એ પહેલી વાત, 'છે' તો પોતાથી છે, અને 'છે' તો જ્ઞેય છે, અને 'છે' તો આત્મા તેનો જ્ઞાયક છે, તેનો કર્તા–હર્તા નથી. પરની પર્યાય, શરીરનું હાલવું-ચાલવું-બોલવાની ક્રિયા તેનો જ્ઞાયક આત્મા કર્તા નથી પણ જ્ઞાયક છે, જાણવાવાળો છે.—આવી સૂક્ષ્મ વાત અહીં કરી છે, એક એક શબ્દમાં આટલું ભર્યું છે.

ભગવાન સર્વજ્ઞદેવે–જિનેન્દ્રદેવે જ છ દ્રવ્ય જોયા છે, માન્યા છે, જૈનદર્શન સિવાય બીજા કોઈએ છ દ્રવ્યને માન્યા નથી, કોઇ પાંચ દ્રવ્ય માને છે પણ કાળદ્રવ્ય માનતા નથી, તેઓ દ્રવ્યની પર્યાયને કાળદ્રવ્ય કહે છે. અહીં કહે છે કે કાળદ્રવ્ય

જાુદું--જ્ઞેય છે અને એ કાળદ્રવ્ય છે, અસંખ્ય છે, અને એકેક દ્રવ્યમાં પર્યાય પણ સ્વતંત્ર છે. અહીં તો પરની દયા એ જ્ઞેયમાં જાય છે. પરની દયા પાળી શકું છું. પરની હિંસા કરી શકું છું એ આમાં આવ્યું નહીં. પર છે તે જ્ઞેય છે, વ્યક્ત છે અને તેનાથી ભિન્ન સ્વ છે, જ્ઞાયક છે, તે પરની અપેક્ષાથી અભ્યંતર અવ્યક્ત છે–એમ આવ્યું.

ભગવાન શ્રી સીમંધરદેવે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણ્યા, તેમની દિવ્યધ્વનિમાં જે વાત આવી, તે ભગવાન કુંદકુંદાચાર્યે સાક્ષાત્ સાંભળીને ત્યાંથી આવીને આ શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર વગેરે શાસ્ત્રો રચ્યા; પછી ટીકાકાર ભગવાન અમૃતચંદ્રાચાર્ય થયા, તેમણે શું અદ્‌ભુત ટીકા કરી છે ! તેઓએ જો આવી ટીકા ન કરી હોત તો આવી સ્પષ્ટ વાત ક્યાંથી આવત ?

અહીં તો છ દ્રવ્યસ્વરૂપ લોક કહ્યું છે અને તે જ્ઞેય છે. સર્વજ્ઞ ભગવાન સિવાય આવી વાત ક્યાં છે ? પોતાના જ્ઞાયકસ્વભાવની અપેક્ષાથી આ બધું જાણવાલાયક છે, પરદ્રવ્યની પર્યાય કરવાલાયક છે એવું વસ્તુના સ્વભાવમાં નથી અને એવું આત્માના સ્વભાવમાં પણ નથી. મારામાં ઘણી બુદ્ધિ છે તેથી હું કમાઈ શકું છું, ઘણા પૈસા પાંચ દસ, પચીસ કરોડ રૂપિયા—લાવી શકું છું–તો કહે છે કે એમ નથી. તે પૈસા તો જ્ઞાનમાં જ્ઞેય છે અને જ્ઞાનની અપેક્ષાથી વ્યક્ત–બાહ્ય છે અને તેને જાણવાવાળું જ્ઞાન અભ્યંતર છે.

ચાહે તો રૌદ્રધ્યાન હો કે આર્તધ્યાન હો, હિંસાનો ભાવ હો કે દયાનો ભાવ હો–એ બધા ભાવને અહીં લોકમાં જ્ઞેય તરીકે ગણવામાં આવ્યા છે, આત્માથી તે પર્યાય થાય છે–એમ નથી. જે 'છે' તે બીજાથી થાય છે એવું ક્યાંથી આવ્યું ? છ દ્રવ્યસ્વરૂપ લોક છે, છે તે જ્ઞેય છે, જ્ઞેય છે તેમાં હું કરું તો જ્ઞેય છે એવું ક્યાંથી લાવ્યો ?—આવી સૂક્ષ્મ વાત છે. અહીં ઘણું સિદ્ધ કરે છે. 'છે' તે પહેલી વાત, 'જ્ઞેય છે' તે બીજી વાત, 'વ્યક્ત છે'–તે ત્રીજી વાત, છે તેને જાણવાવાળો પણ છે, તે જ્ઞાયક છે, અને વ્યક્તની અપેક્ષાએ અવ્યક્ત–અભ્યંતર–અંદર છે; એવું અવ્યક્તનું વિશેષણ ભગવાન કુંદકુંદાચાર્યદેવે એક આત્માને લગાડીને પાઠમાં જે ભાવ ભર્યા છે તેને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે ટીકા કરીને ખુલ્લા કર્યાં છે. જેમ ગાય–ભેંસના આંચળમાં દૂધ છે તેને બળુકી બાઈ હાથના અંગૂઠાના જોરથી કાઢે છે તેમ શ્રી કુંદકુંદાચાર્યે પાઠમાં જે ભાવ ભર્યાં છે તેને અહીં શ્રી અમૃતચંદ્રાચાર્યે ખુલ્લાં કર્યા છે. વિશેષ અવસરે કહેવાશે.

(ક્રમશઃ)

*

# આત્મામાં જ ચારેય પુરુષાર્થ છે

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૯૦)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો બંધ અધિકાર છે. પ મા કળશનું ૧૨ મુ પદ્ય ચાલે છે.

મારા આત્મામાં આનંદ છે એવો અનુભવ ધર્મીએ કર્યો છે તેથી વિષય–ભોગની વાસનામાં ધર્મીને આનંદ આવતો નથી, તેમાં સ્વામિત્વબુદ્ધિ થતી નથી. શુભ કે અશુભ કોઈ ભાવોમાં સમકિતીને સુખબુદ્ધિ હોતી નથી. વિકલ્પ આવે છે પણ તેમાં એ મજા માનતો નથી.

રાગની મંદતા કે તીવ્રતામાં 'આ મને ઠીક છે' એવી બુદ્ધિ તો મિથ્યાદૃષ્ટિને હોય છે. મિથ્યાદૃષ્ટિ તો પરથી પોતાને સુખ માને છે. પરથી સુખ તો તેને પણ થતું નથી પણ તે એમ માને છે કે સ્ત્રી, પુત્રાદિથી મને સુખ મળે છે, તેથી મિથ્યાદૃષ્ટિ વિષય–ભોગાદિમાં મગ્ન રહે છે.

भोगसौं उदास सो समकिती अभंग है। સમ્યગ્દર્શનની ભૂમિકામાં–ચોથા ગુણસ્થાને પ્રતીતિ થઈ છે કે સુખ આત્મામાં જ છે અને અખંડાનંદસ્વરૂપ આત્માનો અંતરમાં અનુભવ થયો છે. ઈન્દ્રના ઈન્દ્રાસન કે શરીરની સુંદરતા કે આબરૂમાં ક્યાંય સુખ નથી એવી પ્રતીતિ થઈ ગઈ છે. આવા ધર્મી અને અધર્મી ચાર પ્રકારના પુરુષાર્થમાં કેવી રીતે પ્રવર્તે છે તે ૧૩ મા પદ્યમાં કહે છે.

ચાર પુરુષાર્થ

धरम अरथ अरु काम सिव, पुरुषारथ चतुरंग ।
कुधी कालपना गहि रहै, सुंधी गहै सरवंग ।।१३।।

અર્થ :—ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—એ પુરુષાર્થના ચાર અંગ છે. દુર્બુદ્ધિ જીવ તેમનું મન ફાવે તેમ ગ્રહણ કરે છે અને સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જીવ સંપૂર્ણ રીતે વાસ્તવિકરૂપમાં અંગીકાર કરે છે.

અનાદિનો મિથ્યાદૃષ્ટિ ચારેય પુરુષાર્થના વાસ્તવિક સ્વરૂપને જાણતો નથી અને બીજી રીતે માને છે જ્યારે સમ્યગ્દૃષ્ટિ પુરુષાર્થનું જેવું સ્વરૂપ છે તેવું જાણે છે અને માને છે.

कुलकौ आचार ताहि मूरख धरम कहै,
पंडित धरम कहै वस्तुके सुभाउकौं ।
खेहको खजानौं ताहि अग्यानी अरथ कहै,
ग्यानी कहै अरथ दरब–दरसाउकौं ॥
दंपतिकौ भोग ताहि दुरबुद्धि काम कहै,
सुधी काम कहै अभिलाष चित्त चाउकौं ।
इन्द्रलोक थानकौं अजान लोग कहै मोख,
सुधी मोख कहै एक बंधके अभाउकौं ॥१४॥

અર્થ :—અજ્ઞાનીઓ કુળપદ્ધતિ–સ્નાન, ચોકા વગેરેને ધર્મ કહે છે અને પંડિતો વસ્તુસ્વભાવને ધર્મ કહે છે. અજ્ઞાનીઓ માટીના સમૂહ એવા સોના–ચાંદી આદિને દ્રવ્ય કહે છે પરંતુ જ્ઞાનીઓ તત્ત્વ-અવલોકનને દ્રવ્ય કહે છે. અજ્ઞાનીઓ સ્ત્રી-પુરુષના વિષયભોગને કામ કહે છે, જ્ઞાની આત્માની નિસ્પૃહતાને કામ કહે છે. અજ્ઞાનીઓ સ્વર્ગલોકને વૈકુંઠ કહે છે પણ જ્ઞાનીઓ કર્મબંધનના નાશને મોક્ષ કહે છે.

कुलकौ आचार—કુળપદ્ધતિ પ્રમાણે દયા, દાનાદિ આચરણ કરતો હોય તેને અજ્ઞાની 'ધર્મ' કહે છે પણ એ તો બાહ્ય આચાર છે તે કાંઈ ધર્મ નથી. તે આચારની સાથે જો તેને શુભભાવ હોય તો પુણ્ય થાય પણ ધર્મ તો થાય જ નહિ. તો સમકિતી ધર્મ કોને કહે છે?— કે અખંડ જ્ઞાનાનંદ વસ્તુના પોતાના સાધન વડે જ્ઞાનાનંદ પ્રગટ થાય તેને સમકિતી ધર્મ કહે છે.

પંડિત શબ્દનો અર્થ 'જ્ઞાની' થાય છે. વસ્તુના સ્વભાવમાં જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, વીતરાગતા શક્તિરૂપે રહેલી છે તેની પ્રગટ પર્યાયમાં પ્રાપ્તિ થવી તેને જ્ઞાની ધર્મ કહે છે. અજ્ઞાની તો પોતાના કુળ પ્રમાણે અને સંપ્રદાય પ્રમાણે બાપ–દાદાએ જે આચરણ કર્યું હોય તેવું કરીને, પોતે ધર્મ થયો એમ માને છે. પણ સત્ય શું છે તે સમજવાનો પ્રયત્ન કરતો નથી. સત્યની પરીક્ષા વગર સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિ કરવા, વ્રત પાળવા, પૂજા કરવી, દાન દેવા—એ બધા ભાવમાં રાગની મંદતા છે પણ ધર્મ નથી.

બહુ સ્થૂળ માન્યતાવાળા તો સ્નાન કરવા અને કપડાં ધોયેલાં પહેરવા વગેરેમાં ધર્મ માનતાં હોય છે. સાધુ માટે ચોકા બનાવવા, કેરીના રસ કાઢવા વગેરે વગેરે ક્રિયાઓ કરીને સાધુને ઓરાવે છે તે તો લેનાર અને દેનાર બંને મિથ્યાદ્રષ્ટિ છે. પણ

એ પોતાને ધર્મ થયો માને છે. સખત ક્રિયા કરનારા સાધુને પણ ક્રિયાથી ધર્મ નથી તો શિથિલાચારમાં ધર્મ ક્યાંથી હોય !

અમારે હીરાજી મહારાજના સંઘમાં તો એવી સખત—કડક ક્રિયા હતી કે અગાઉથી જાહેરાત થઈ જતી કે ગામમાં સાધુ આવ્યા છે એમ જાણીને જો કોઈ તેમના નિમિત્તે વધારે આહાર બનાવશે તો તે ઉદ્દેશિક આહાર ગણાશે. તેવો આહાર બનાવશે તેને ગર્ભમાં ગળાવું પડશે...આવી કડક ક્રિયા હતી પણ તે બધી કુળની ક્રિયા હતી, વાસ્તવિક ધર્મની ક્રિયા ન હતી. અજ્ઞાની લોકો તો કુળપદ્ધતિને જ ધર્મ કહે છે. અમારા ગુરુ આવી ક્રિયા પાળે છે માટે અમારે પણ પાળવી—એવી માન્યતામાં કુળપદ્ધતિ આવી ગઈ.

સમ્યગ્દષ્ટિ તો વસ્તુના સ્વભાવને ધર્મ કહે છે. અતીન્દ્રિય આનંદ એ આત્માનો સ્વભાવ છે તેના અનુભવને ધર્મ કહેવાય છે. વીતરાગનો માર્ગ પરમ સત્ય છે પણ જગતને બીજી રીતે પીરસાણો છે તેથી જગતને ધર્મના સાચાં સ્વરૂપની ખબર નથી. જેતપુરમાં ત્રણ હજાર માણસની વચ્ચે આ વાત કરી હતી. જેતપુરથી અમદાવાદ ગયાં હતાં. જયપુરમાં તો રથયાત્રામાં હજારો માણસ હતું. પણ એ કાંઈ પ્રભાવના નથી. જેટલો શુભભાવ થાય છે તે બાહ્યપ્રભાવના છે. સાચી પ્રભાવના તો અંતરમાં થાય છે. આનંદ સ્વરૂપ આત્માની પ્રકૃષ્ટપણે ભાવના થવી, અંતરમાં શાંતિ અને એકાગ્રતા થવી, સ્વચ્છતા પ્રગટ થવી...તેને વીતરાગદેવ સાચી પ્રભાવના કહે છે.

જયપુરમાં રથયાત્રામાં ૨૧ તો હાથી હતાં અને પ્લાસ્ટીકના ઘોડાવાળો સંચાથી ચાલે તેવો મોટો ઊંચો રથ હતો, તેમાં ભગવાન બિરાજમાન કરેલાં અને સારથી તરીકે હું બેઠો હતો. ગોદીકાએ સારથીની ઉછામણી લીધી હતી, માણસો તો બધાં જોવા નીકળેલાં. આ જેઠ સુદ અગિયારસની જ વાત છે.....આ બધી બાહ્યની ક્રિયા છે, તેમાં ધર્મ નથી. એ તો કુળના આચારની પરંપરાનું વર્ણન છે અને તેમાં શુભભાવ થાય તે પણ ધર્મ નથી. કારણ કે શુભભાવ એ કાંઈ વસ્તુનો સ્વભાવ નથી માટે તેને જ્ઞાની ધર્મ માનતા નથી અને કહેતાં નથી.

खेहको खजानौं—અજ્ઞાની સોના, ચાંદી આદિ મિલકતને દ્રવ્ય કહે છે તેને જ્ઞાની તો માટીનો ઢગલો સમજે છે. શરીર પોતે જ માટીનો પિંડ છે અને લક્ષ્મી, સોનું, ઝવેરાત આદિ બધું પુદ્‌ગલ હોવાથી પોતાનું માનતાં નથી. શું એ ચીજો જીવની થઈને રહે છે ? એ તો અજીવ થઈને જ રહે છે. રાખનો ઢગલો છે. છતાં જગતમાં લક્ષ્મીવાળાની ખુરશી આગળ મૂકાય, તેની કિંમત થાય, માન મળે—અજ્ઞાનીની દૃષ્ટિમાં

તેની મહિમા છે એટલે તેની કિંમત માને પણ તેની આત્માની દૃષ્ટિએ કાંઈ જ કિંમત નથી.

ગ્યાની કહૈ—જ્ઞાની છ દ્રવ્યોને દ્રવ્ય કહે છે અને દરેક દ્રવ્ય પોતપોતાની સત્તામાં રહેલાં છે, કોઈ દ્રવ્ય બીજાં દ્રવ્યને આધીન નથી એમ જુએ છે. કર્મ સાથે આત્મા એકમેક થતો નથી, આત્મા સાથે કર્મ એકમેક થતાં નથી. દરેક દ્રવ્યને ભિન્ન ભિન્ન જોવા તેનું નામ અવલોકન કહેવામાં આવે છે. અજ્ઞાની પૈસાનું અવલોકન કરીને તેને દ્રવ્ય માને છે તે તેની મૂઢતા છે. આત્મા કદી પૈસાવાળો હોઈ શકે? પૈસા તો જડ છે. આત્મા જડવાળો ન હોઈ શકે. પોતાના આત્મસ્વરૂપનો અજાણ જીવ જ પૈસાને દ્રવ્ય માને છે. જગતની ચીજ તારી ક્યાંથી થાય ભાઈ!

અહીં તો શરીરને પોતાનું માને છે તે પણ મૂઢ છે તો પૈસા તો તદ્દન અજીવ છે તેને જીવના કેમ મનાય? આત્મા વળી પૈસાદાર કેવો? એ પૈસાની મમતાવાળો થયો છે પણ પૈસા તેના થતાં નથી. પૈસા તો જડ છે—જગતની સ્વતંત્ર ચીજ છે. ભગવાન આત્મા પૈસાથી તો જુદો જ છે પણ તેને શરીર, કર્મ અને રાગથી પણ જુદો જોવો તેનું નામ દ્રવ્યનું અવલોકન છે. તેને 'અર્થ' કહેવાય છે. વીતરાગ પરમાત્મા ઈન્દ્રોની સમક્ષ આમ ફરમાવતાં હતાં.

ઈન્દ્રોને તો વૈભવ ઘણો હોય. પહેલાં સૌધર્મસ્વર્ગમાં ૩૨ લાખ વિમાન છે. ઈન્દ્ર તેનો સ્વામી છે, બીજાં ઈશાન સ્વર્ગનો ઈન્દ્ર ૨૮ લાખ વિમાનનો સ્વામી છે. એક એક વિમાનમાં અસંખ્ય દેવ હોય છે. એ બધો ઈન્દ્રનો વૈભવ ખરેખર ખેહનો ખજાનો—માટીનો ઢગલો છે. ઈન્દ્રના ઈન્દ્રાસનો, ચક્રવર્તીની વિભૂતિઓ—બધું પર છે, આત્માથી બાહ્ય છે. પ્રભુ! એ ચીજ તારામાં ક્યાં આવી ગઈ કે તું તેમાં ક્યાં પેસી ગયો છો? ભિન્ન વસ્તુને ભિન્ન જોવી તેનું નામ અવલોકન અર્થાત્ અર્થી છે. કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનું નથી. દરેક દ્રવ્ય પોતપોતાનું છે. ભગવાન આનંદનો નાથ–ચૈતન્યસ્વભાવી દ્રવ્ય તે મારું ધન છે–અર્થ છે તે સદાય મારું થઈને રહે છે.

મૂઢ જીવો સ્ત્રીના ભોગને 'કામ' કહે છે, તે મૂઢ છે. શું આત્મા ભોગ લઈ શકે છે? જડને આત્મા ભોગવી શકતો નથી માત્ર તે સંબંધીના રાગને ભોગવે છે. ધર્મીજીવ તેને 'કામ' કહેતાં નથી. ધર્મી તો આત્માની નિસ્પૃહતાને કામ કહે છે. ધર્મીને ભાવના પણ નિસ્પૃહતાની જ હોય છે. જ્યાં રાગની પણ અભિલાષ નથી એકમાત્ર આનંદસ્વરૂપ આત્માની સ્પૃહા છે, બીજી કોઈ સ્પૃહા નથી તેને નિસ્પૃહી કહેવામાં આવે છે. નિસ્પૃહભાવને જ જ્ઞાની 'કામ' કહે છે.

આ બંધ અધિકાર છે ને ! એટલે આચાર્યદેવ કહે છે કે જે બંધના કારણ છે તેને જ અજ્ઞાની ભલાં માને છે જ્યારે જ્ઞાની બંધથી છોડાવનારાં ભાવને સેવીને મુક્ત થાય છે. અજ્ઞાની કુળાચારને, મિલ્કત આદિને કામ આદિના પરિણામને સેવે છે અને તેની જ સ્પૃહા રાખે છે જ્યારે જ્ઞાની તે ભોગાદિ સર્વની સ્પૃહાથી રહિત નિસ્પૃહ છે. તો પ્રશ્ન થાય છે કે સમકિતી ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રી છે ને? ના; નથી. કેમ કે સમકિતીની દૃષ્ટિ અને ભાવનામાં સ્ત્રીઓમાં મારાપણું છે જ નહિ. તેની દૃષ્ટિ અને ભાવનામાં એકમાત્ર નિસ્પૃહ સ્વભાવ જ રહેલો છે. આમ, જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં મોટો ફેર છે.

इंद्रलोक थानकौं—વ્યંતર આદિ સ્વર્ગના સ્થાન મણિરત્નના બનેલાં હોય છે તેને અજ્ઞાની લોકો વૈકુંઠ માને છે. પણ ત્યાં ભૂત રહે છે. કોઈને ભૂતમાંથી મનુષ્ય થઈને પૂર્વભવનું સ્મરણ થયું હોય તો એમ થાય કે હું તો વૈકુંઠમાંથી આવ્યો છું અને વૈકુંઠમાં જવાનો છું. પણ ત્યાં ક્યાં સુખ હતું ! અહીંના શેઠિયાના બંગલા કરતાં દેવલોકના મકાન જરાં ઊંચા હોય, સંયોગની ધૂળ અહીં કરતાં વધારે હોય, તેથી શું ! અજ્ઞાન અને રાગની હોળી તો ત્યાં પણ સળગે જ છે.

અહીં અમારા સાધુને લાડવા જમાડો તો તમને વૈકુંઠમાં લાડવા મળશે એવું લોકો બોલે છે તેની પાછળ ભાવ કેવો છે? દેહ રાખવો છે, લાડવા ખાવા છે તેનો મોક્ષ કયાંથી થાય ? રાગાદિનું પૂર્ણપણે છૂટી જવું અને એકલી આનંદની દશા રહેવી તેનું નામ મોક્ષ છે તેમ જ્ઞાની કહે છે અને આવા મોક્ષની જ જ્ઞાનીને ભાવના છે. આમ, જ્ઞાની અને અજ્ઞાનીની દશામાં મોટો ફેર છે.

હવે બનારસીદાસજી ચારેય પુરુષાર્થને આત્મામાં ઉતારે છે.

આત્મામાં જ ચારેય પુરુષાર્થ છે

धरमकौ साधन जु वस्तुकौ सुभाउ साधै,
अरथकौ साधन विलेछ दर्व षट्मैं ।
यहै काम–साधन जु संग्रहै निरासपद,
सहज सरूप मोख सुद्धता प्रगटमैं ॥
अंतरकी द्रिष्टिसौं निरंतर विलौकै बुध,
धरम अरथ काम मोख निज घटमैं ।
साधन आराधनकी सौंज रहै जाकै संग,
भूल्यौ फिरै मूरख मिथ्यातकी अलटमैं ॥१५॥

અર્થ :—વસ્તુસ્વભાવને યથાર્થ જાણવું તે ધર્મ–પુરુષાર્થની સિદ્ધિ છે, છ દ્રવ્યોનું ભિન્ન ભિન્ન જાણવું તે અર્થ પુરુષાર્થની સાધના છે, નિસ્પૃહતાનું ગ્રહણ કરવું તે કામ–પુરુષાર્થની સિદ્ધિ છે અને આત્મસ્વરૂપની શુદ્ધતા પ્રગટ કરવી તે મોક્ષ પુરુષાર્થની સિદ્ધિ છે. આવી રીતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થોને સમ્યગ્દષ્ટિજીવ પોતાના હૃદયમાં સદા અંતર્દૃષ્ટિથી દેખે છે અને મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાત્વના ભ્રમમાં પડીને ચારે પુરુષાર્થોને સાધક અને આરાધક સામગ્રી પાસે રહેવા છતાં પણ તેમને જોતો નથી અને બહાર ગોત્યાં કરે છે.

બધાંને પ્રશ્ન રહે છે કે ધર્મ તો તમે કહો છો તે બરાબર પણ આ ધર્મનું સાધન શું? ધર્મનું સાધન પણ વસ્તુનો સ્વભાવ જ છે. વસ્તુના સ્વભાવમાં 'કરણ' નામનો ગુણ છે તેના વડે વસ્તુના સ્વભાવની સાધના કરવાથી ધર્મ થાય છે. ભગવાન આત્માના સ્વભાવમાં તો જ્ઞાન, આનંદ, શાંતિ છે તેને સાધવો અને તેમાં લીનતા કરવી તેનું નામ ધર્મ છે–તેમાં 'ધર્મ' પુરુષાર્થની સિદ્ધિ છે.

છ દ્રવ્યોનું ભિન્ન ભિન્ન જાણવું તે અર્થ પુરુષાર્થની સાધના છે. છ એ દ્રવ્ય સ્વતંત્ર છે કોઈ કોઈને લાભ કે નુકશાન કરતું નથી. એમ જાણવું–નક્કી કરવું–માનવું તેમાં 'અર્થ'ની સિદ્ધિ છે. આ કર્મ મને નુકશાન કરે છે એમ માને છે તેને અર્થ પુરુષાર્થની સિદ્ધિ નથી. કર્મનો ઉદય આવે તો મને વિકાર થાય અને કર્મ ઓછાં થાય તો મને લાભ થાય એમ માનનારને દ્રવ્યને જોતાં જ આવડ્યું નથી. છ એ દ્રવ્ય સ્વતંત્રપણે પોતાનું કામ કરી રહ્યાં છે તેમાં તેને બીજાં દ્રવ્યની સહાય કે બીજાંથી વિઘ્ન નથી એમ એક વસ્તુને બીજાંથી તદ્દન ભિન્ન જોવી તેમાં 'અર્થ' પુરુષાર્થની સિદ્ધિ છે અર્થાત્ તેમાં આત્મપદાર્થની સાબિતી છે.

મૂઢ જીવો જડના ભોગને કામ કહે છે પણ તે 'કામ' નથી. આશા રહિત નિરાસપદ–નિસ્પૃહભાવ–વીતરાગભાવના ગ્રહણમાં 'કામ' પુરુષાર્થની સાધના છે. આત્મા પોતે વીતરાગપદ છે તેને સંગ્રહે એટલે ગ્રહણ કરે તે કામ પુરુષાર્થ છે.

ભગવાન આત્મા સહજ આત્મસ્વરૂપ છે તેની પ્રગટ શુદ્ધતા થવી તેને ભગવાન 'મોક્ષ' કહે છે. સહજ સ્વભાવ પ્રગટ થવો–પૂર્ણ શુદ્ધતા પ્રગટ થવી તેનું નામ મોક્ષ છે.

સમ્યગ્દષ્ટિ જીવ આ રીતે ચારેય પુરુષાર્થને અંતરમાં–આત્મામાં જુએ છે. બહારમાં કોઈ પુરુષાર્થને જોતાં નથી. ધર્મનું સાધન આત્મામાં, અર્થ પુરુષાર્થ આત્મામાં, નિસ્પૃહતાનું ગ્રહણ આત્મામાં અને પર્યાયની પૂર્ણ નિર્મળતાની પ્રાપ્તિરૂપ મોક્ષ પણ

આત્મામાં જ થાય છે. अंतरकी द्रिष्टिसौं निरंतर विलोके बुध–ધર્મી નિરંતર આ રીતે અંતરદૃષ્ટિથી ચારેય પુરુષાર્થ આત્મામાં જુએ છે અને પોતાને નિરંતર પરથી ભિન્ન જુએ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ રાગના વિકલ્પથી પણ મારું સ્વરૂપ ભિન્ન છે એમ જુએ છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય બોલ આ રીતે આત્મામાં ઉતરે છે. બહારમાં એકેય ઉતરતા નથી તેથી કહ્યું કે धर्म अर्थ काम मोक्ष निज घटमैं। ચારેય પુરુષાર્થ પોતાની અંદરમાં દેખાય છે. આ શરીર કે શુભપરિણામ આત્માના આરાધનમાં સાધન છે એ માત્ર વ્યવહાર છે ખરેખર કોઈ સાધન બહારમાં નથી. ચારેય પુરુષાર્થને આત્મા પોતે પહોંચી વળે છે, માટે સાધન આત્મામાં જ છે.

શ્રોતા :—જિનમંદિર–જિનપ્રતિમા અને આગમને સાધન કહ્યાં છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :—સ્વભાવની સાધના કરનારને શુભભાવના કાળે જિનપ્રતિમા, જિનાગમ આદિ નિમિત્તો ઉપર લક્ષ જાય છે એટલે એમ કહેવાય કે તે સાધન છે પણ તે નિશ્ચયસાધન નથી, ધર્મીને સાધકદશામાં વચ્ચે આવા શુભભાવ આવ્યા વગર રહેતાં નથી પણ હેયબુદ્ધિએ આવે છે.

લોકોને મોક્ષના માર્ગની સાચી શ્રદ્ધા થવી મહા મુશ્કેલ છે. બહારમાં એવા ગુંચવાઈ જાય છે કે તેમાંથી નવરાં થાય તો સત્ય સમજે ને ! ખમાસણાં આદિ ક્રિયા તો જડની છે એ જડની અને રાગની ક્રિયાથી ભિન્ન પડીને આત્મામાં એકાગ્ર થવું તે ધર્મની ક્રિયા છે. પણ જેણે પાંચ–દશ લાખ ખરચીને મોટાં મોટાં મંદિર બંધાવ્યાં હોય અને લોકોની વાહ વાહ મેળવી હોય તેને આ વાત માનવી કઠણ પડે.

સાધન અને આરાધનની સામગ્રી તારી પાસે પડી છે. પ્રભુ ! તું આત્મા છો. તારી સાધન સામગ્રી તારાથી બહાર ન હોય. મંદિરે જઈશ તો મને સુખ-શાંતિ મળશે, ભગવાનની પ્રતિમાના દર્શનથી કાંઈક મળશે, સમવસરણમાં જઈશ તો મને લાભ થશે એવી માન્યતા ન હોય ભાઈ ! સત્ નિમિત્તો તરફનો ઝુકાવ એ શુભભાવ છે, એવો શુભભાવ જરૂર આવે છે પણ તે સાધન નથી. છતાં રાગની મંદતામાં શુભભાવ આવે જ છે પણ તેનાથી મને લાભ થશે એવી માન્યતા હોતી નથી.

ભગવાને વસ્તુના સ્વરૂપને કર્યું નથી, ભગવાને વસ્તુસ્વરૂપ આમ છે એમ જાણ્યું છે અને કહ્યું છે તેને તું પણ જાણ અને માન ! તારે પણ વસ્તુસ્વરૂપને કરવાનું નથી. તારું સાધન અને આરાધક–સામગ્રી તારી પાસે હોવા છતાં તું તેને

જોતો નથી અને બહાર સાધન શોધ્યા કરે છે. રાગ એ કાંઇ આત્માનું સાધન નથી, તેમ જ સમ્મેદશિખર, શત્રુંજય આદિ તીર્થક્ષેત્રો, સિદ્ધક્ષેત્રો, અતિશયક્ષેત્રોમાં તારું સાધન નથી. મિથ્યાદૃષ્ટિ આવા ક્ષેત્રોમાં જઈને પોતાનું દર્શન થશે એમ બહારમાં પોતાની ખોજ કરે છે.

પોતાના કલ્યાણનું સાધન પોતાની અંદરમાં શોધ તો મળે તેવું છે કેમ કે અંતરમાં જ સાધન રહેલું છે. શુભભાવ વચ્ચે આવે છે તેથી તેને વ્યવહાર સાધન કહેવાય છે પણ તેને જ ખરું સાધન માની લે તો મિથ્યાત્વ છે. જે નયનું કથન હોય તેને તે અપેક્ષાથી સમજવું જોઈએ. નયને સમજે નહિ તો અન્યથા માન્યતા કરીને સંસારમાં ડૂબી જાય. નિશ્ચયની સાથે જેવો વ્યવહાર હોય તેને જ્ઞાની જણાવે છે પણ તેને જ નિશ્ચય સાધન માની લેવાનું કહેતાં નથી.

સમયસારમાં ૧૧ મી ગાથામાં આવ્યું છે કે વ્યવહારને હસ્તાવલંબન જાણીને જિનવાણીમાં તેનો ઉપદેશ ઘણો આવ્યો છે પણ તેનું ફળ પણ સંસાર જ છે માટે તેને નિશ્ચય સાધન માની ન લેવું. વીતરાગ સર્વજ્ઞે કહેલી વાત પોતે ન્યાયથી બેસાડીને નક્કી કરવી જોઈએ, અને ન્યાયથી બરાબર બેસી જાય તેવી વાત છે, કાંઈ ગડબડ રહે તેવું નથી.

મોક્ષમાર્ગપ્રકાશકમાં તો બહુ કહ્યું છે કે વ્યવહાર કહે છે તેમ જ માની લેવું તે મિથ્યાત્વ છે. વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે એટલે વ્યવહાર નથી—એમ નહિ. વ્યવહાર છે પણ તે સ્વભાવનું સાધન નથી માટે તેને ગૌણ કરીને અભૂતાર્થ કહ્યો છે.

भूल्यौ फिरे मूरख मिथ्यातकी अलटमैं। મિથ્યાદૃષ્ટિ ભ્રમથી બહારમાં જ પોતાનું સાધન શોધતો ફરે છે એ તેની મુર્ખાઈ છે. કોઈ ગુરુથી મને ધર્મ થઈ જશે ! કોઈ તીર્થક્ષેત્રમાં જવાથી મને સમકિત થશે ! એમ તેની દૃષ્ટિ બહારમાં જ ભ્રમણાથી ભમ્યા કરે છે.

બંધ અધિકારમાં પણ બહુ સરસ વાત કરી છે, હવે કળશ કહેશે.

(ક્રમશઃ)

# જિનાગમના અભ્યાસની પ્રેરણા

(પંડિત ટોડરમલજી કૃત ગોમ્મટસાર—ટીકાની પ્રસ્તાવનામાંથી)

જુઓ ! શાસ્ત્ર-અભ્યાસનો મહિમા કે જેના હોવાથી પરંપરા આત્મ-અનુભવ દશાની પ્રાપ્તિ થાય છે, મોક્ષમાર્ગરૂપ ફળ પ્રાપ્ત થાય છે. એ તો દૂર રહો, પરંતુ તત્કાળ આટલા ગુણો પ્રગટ થાય છે :—

- ક્રોધાદિ કષાયોની તો મંદતા થાય છે,
- પાંચ-ઇન્દ્રિયોના વિષયોમાં પ્રવૃત્તિ અટકે છે,
- અતિ ચંચળ મન પણ એકાગ્ર થાય છે,
- હિંસા આદિ પાંચ પાપ થતા નથી,
- અલ્પજ્ઞાન હોવા છતાં પણ ત્રણલોકના ત્રણકાળ સંબંધી ચરાચર પદાર્થોનું જાણવું થાય છે,
- હેય–ઉપાદેયની ઓળખાણ થાય છે,
- આત્મજ્ઞાનની સન્મુખતા થાય છે,
- અધિક–અધિક જ્ઞાન થતાં આનંદ ઉત્પન્ન થાય છે,
- લોકમાં મહિમા–યશ વિશેષ થાય છે,
- સાતિશય પુણ્યનો બંધ થાય છે.

ઇત્યાદિ ગુણો શાસ્ત્ર–અભ્યાસ કરવાથી તત્કાળ જ ઉત્પન્ન થાય છે. માટે શાસ્ત્ર–અભ્યાસ અવશ્ય કરવો. શાસ્ત્ર–અભ્યાસ કરવાનો અવસર મળવો પણ મહાદુર્લભ છે. કેમ કે એકેન્દ્રિયાદિ અસંજ્ઞી પર્યંત જીવોને તો મન નથી અને નારકી વેદનાથી પીડિત છે, તિર્યંચ વિવેક રહિત છે, દેવ વિષયાસકત છે અને મનુષ્ય પર્યાય મળવા છતાં ઉત્તમ યોગની પ્રાપ્તિ થવી મહાદુર્લભ છે.

હે ભવ્યો ! તમને ભાગ્યથી દુર્લભ અવસર મળ્યો છે માટે તમને હઠથી પણ તમારા હિતને માટે પ્રેરણા કરીએ છીએ કે જે રીતે બને એ રીતે જિનાગમનો અભ્યાસ કરો, અન્ય જીવોને જેમ બને તેમ આ શાસ્ત્રનો અભ્યાસ કરાવો તથા જે જીવ શાસ્ત્ર-અભ્યાસ કરે છે તેની અનુમોદના કરો.

*

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

## (હિસાબી-અહેવાલ તા. ૧-૪-૨૦૦૦ થી તા. ૩૧-૩-૨૦૦૧)

શ્રી કહાનગુરુ-ભક્ત મુમુક્ષુસમાજ,

સવિનય નિવેદન કે આપણા તારણહાર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સોનગઢ (સુવર્ણપુરી)માં અધ્યાત્મનો લાભ લેવા માટે ઘણા મુમુક્ષુઓ કાયમી વસવાટ કરે છે તથા બહારગામથી અવારનવાર ઘણા મુમુક્ષુઓ પધારે છે. આ તીર્થધામનો વહીવટ આપ સૌના સહયોગથી આપણું ઉપરોક્ત ટ્રસ્ટ (સંસ્થા) કરી રહેલ છે. દર વર્ષની માફક, આ સાથે તા. ૧-૪-૨૦૦૦ થી ૩૧-૩-૨૦૦૧નાં વર્ષનાં ઓડીટ થયેલ સરવૈયાં, આવક-જાવકના હિસાબો સહિત રજુ કરીએ છીએ જે ઉપરથી આપને આ ટ્રસ્ટના વહીવટ સંબંધી, આવક-ખર્ચની તથા અન્ય જાણકારી મળી શકશે, અને જેથી આપને સંતોષ થશે એવી આશા રાખીએ છીએ.

(૧) આ વર્ષ દરમ્યાન બધા મહોત્સવો ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવ્યા છે. બહારગામથી યાત્રીઓ અને મુમુક્ષુઓ સારી સંખ્યામાં અવારનવાર આવે છે. દરેકને સારી સગવડ આપવાની કાળજી લેવામાં આવે છે. શ્રી જન્મજયંતી મહોત્સવનો ખર્ચ જેમના તરફથી જન્મજયંતી ઉજવાય છે તેમના તરફથી આપવામાં આવે છે. હમણાં હમણાં જિનમંદિર, સમવસરણ-મંદિર, નંદીશ્વર જિનાલયનાં શિખર ઉપરનાં કળશો ઉતારી સુવર્ણ ચડાવીને ફરીથી વિધિપૂર્વક કળશારોહણનો મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો. બે દિવસ રાખવામાં આવેલ એ મહોત્સવ જાણે પ્રતિષ્ઠા મહોત્સવ જેવો આનંદપૂર્વક ઉજવાયો હતો. સુવર્ણ પાનાં માટે મુમુક્ષુ બહેનો તરફથી સારો ફાળો કરવામાં આવ્યો હતો અને બીજી પણ આવક સારી થઈ હતી. હવે પરમાગમ મંદિરના કળશો બાકી છે જેનો કળશારોહણ ઉત્સવ શ્રી માનસ્તંભજીના અભિષેક સાથે કરવાનો વિચાર રાખેલ છે.

(૨) આ સાથેનો સંસ્થાનો હિસાબ જોતાં આવક-ખર્ચનો ખ્યાલ આવશે. તા. ૧-૪-૨૦૦૦ થી ૩૧-૩-૨૦૦૧ના વર્ષ દરમ્યાન કુલ આવક રૂા. ૪૬,૫૮,૪૫૮ છે તે ગયા વર્ષ કરતાં વધારે છે અને કુલ ખર્ચ રૂા. ૩૬,૯૪,૩૦૪ થયેલ છે. વરસ આખરે વધારો રૂા. ૯,૬૪,૧૫૪ છે. જેમાં એડવાન્સ આપેલ રકમના હવાલા નાખવાના બાકી છે, તે ગણત્રીમાં લેતાં જૂજ વધારો રહે છે.

(૩) સરવૈયા મુજબ વરસ આખરે ધ્રુવફંડ (Corpus) ખાતે રૂા. ૨,૧૬,૭૩,૫૨૯ છે આ રકમમાં વર્ષ દરમ્યાન રૂા. ૧,૦૭,૫૪,૧૧૩ વધારો થયેલ છે, જેમાં ભોજનાલય-ફંડમાં રૂા. ૬૧ લાખ જે અગાઉ જણાવેલ છે તે ઉપરાંત બીજી રકમો આવતાં ધ્રુવફંડમાં આ વધારો

થયેલ છે. આ ધ્રુવફંડનું વ્યાજ વાપરવાનું હોય છે. ધ્રુવફંડ પૂરતી રકમનું રોકાણ રાખવું જોઈએ તે બાબત કાળજી લેવામાં આવે છે.

(૪) સરવેયા મુજબ ચાલુ ફંડોમાં રૂા. ૫૮,૨૮,૩૨૯ વરસ આખરે બાકી રહે છે. આ રકમ જે તે ખાતે હોય તેમાં વાપરવાની હોય છે. અને તે રકમ તથા ધ્રુવફંડની રકમ બંને ભેગી કરતાં જે આપણી પાસે રોકાણ તરીકે રકમ જોઈએ, તે ઓછી છે. જેથી આ રકમ વધુ રહે એટલું રોકાણ મળે તે બાબત આપ સૌને વિચારવા જણાવીએ છીએ.

(૫) નવા અતિથિ ગૃહ(ભવન)નું કામ પૂરું થઈ ગયું છે. યાત્રિકો--મહેમાનોને ઉતારવાની એક સારી સગવડતા થઈ છે. ૮૦ રૂમના અતિથિ ભવનનું 'શ્રીમતી કળાવતીબેન હસમુખલાલ વોરા દિ. જૈન અતિથિભવન' નામ રાખવામાં આવેલ છે. અને તેનું ઉદ્‌ઘાટન ગત આસો વદ ૧૧ના દિને આદરણીય પંડિતજી હિંમતલાલ જેઠાલાલ શાહના શુભ હસ્તે કરવામાં આવેલ હતું. આ અતિથિભવનનો કુલ ખર્ચ ૧,૧૮,૦૦,૦૦૦ લગભગ થયો છે. તથા સોલારનો ખર્ચ રૂા. ત્રણ લાખ થશે આ રીતે કુલ ખર્ચ એક કરોડ એકવીશ લાખ લગભગ થશે તથા લીફ્ટ જે વઢવાણનિવાસી (હાલ બોરીવલી) શ્રીમતી જયાબેન જયંતીલાલ શાહ, હસ્તે જયેશભાઈ તથા અક્ષયભાઈ તરફથી ભેટ મળેલ છે. વોટરકૂલર શ્રીમતી મણીબેન ચીમનલાલ મોદી-ફાઉન્ડેશન, મુંબઈ, હસ્તે વીણાબેન જગદીશભાઈ મોદી તરફથી ભેટ મળેલ છે. તેની સામે આવક રૂા. એક કરોડ બાર લાખ થવા જાય છે; તેમાં રૂા. ઓગણીસ લાખ ઉઘરાણી બાકી છે. જેથી હાલ આ ખાતે રૂા. અઠ્યાવીસ લાખ રોકાણ રહેલ છે.

(૬) જિનાયતનોના જીર્ણોદ્ધાર--રંગરોગાન તથા મરામતનું કામ ચાલી રહ્યું છે. શ્રી સીમંધર-જિનમંદિર, શ્રી સમવસરણ-મંદિર, શ્રી નંદીશ્વર-પંચમેરુ-મંદિર, માનસ્તંભજી તથા કમ્પાઉન્ડ વોલના રંગરોગાનનું કામ પૂરું થઈ ગયેલ છે. મંદિરોના રંગરોગાનનું કામ બહારનાં ભાગે કરાવેલ છે. શ્રી પરમાગમમંદિરનું કામ ચાલુ થયેલ છે. અત્યાર સુધીમાં સાતેક લાખનો ખર્ચ થયેલ છે. લગભગ દશેક લાખ થવા અંદાજ છે. પ્રવચનમંડપ (કહાનગુરુ-પ્રભાવનાદર્શન)નું રીપેરીંગ રંગરોગાનનું મોટું કામ છે જે આ પૂરું થયા પછી શરૂ કરાવવું છે. આ અંગે મોટો ખર્ચ થશે, જેથી આ બધાં કામ માટે મોટા ફંડની જરૂરત છે.

(૭) પુસ્તક વિભાગમાં સારી રીતે પ્રગતિ થઈ રહી છે. મૂળશાસ્ત્ર શ્રી નિયમસારજી, શ્રી સમયસાર કશળટીકા વગેરેનું પ્રકાશન થઈ ગયું છે. શ્રી પ્રવચનસાર તૈયાર થઈ ગયેલ છે. પંદરેક દિવસમાં પ્રકાશન થશે. પુસ્તક વિભાગમાં સાહિત્યપ્રકાશનસમિતિ સુંદર રીતે કામ બજાવી રહેલ છે. બીજાં પુસ્તકોનું પણ પ્રકાશન કરવામાં આવેલ છે. સ્થાયી પુરસ્કર્તામાં દાનની રકમ પણ સારી આવે છે. તેનો પ્રતિસાદ પણ સારો મળે છે. પુસ્તક વિભાગનું કામ સારી રીતે ચાલી રહ્યું છે.

(૮) પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનોની ઓડીયો સીડી અને વીડીયો સીડી તથા પૂજ્ય

બહેનશ્રીની તત્ત્વચર્ચા અને જ્ઞાનવૈભવની વીડીયો સીડી તૈયાર કરવામાં આવી છે. તથા તેનું વેચાણ ચાલું છે. કેસેટ-વિભાગનું કાર્ય સારી રીતે ચાલી રહ્યું છે.

(૯) પૂજ્ય કૃપાળુ સદ્‌ગુરુદેવશ્રીના જીવન ઝરમરની દસ્તાવેજી ફિલ્મનું કામ ચાલુ છે. લગભગ બે ત્રણ મહિનામાં પૂરું થવા સંભવ છે. આ અંગે ફિલ્મના પૂરા ખર્ચની રકમ શ્રી કાંતિલાલ અમીચંદ કામદાર-પરિવાર, મદ્રાસ (ચેન્નઈ) હસ્તે પ્રવીણાબેન, અશ્વીનભાઈ તથા ભરતભાઈ તરફથી મળેલ છે.

(૧૦) આપણા ટ્રસ્ટ અંતર્ગત, 'શ્રી કહાનસૂર્ય દિ. જૈન ભોજન સમિતિ' ભોજનાલયની સુંદર વ્યવસ્થા કરી રહેલ છે. જમનાર બધા સંતોષ વ્યક્ત કરે છે. નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા ખર્ચને પહોંચી વળવા મોટી રકમનું દાન ધ્રુવફંડ ખાતે મળેલ હોવાથી તેનું વ્યાજ તથા અનેક નાની મોટી આવક થઈ રહેલ છે, જેથી તૂટને બદલે થોડો વધારો રહે છે, જે આ સાથેનાં હિસાબથી જાણી શકાશે.

(૧૧) ઉપરોક્ત હિસાબી અહેવાલ તથા હિસાબો જોતાં આપ સૌને ટ્રસ્ટની કાર્યવાહી, આવક-જાવક બાબત જાણકારી મળી શકશે. ઘણા એવા ખ્યાલમાં છે કે ટ્રસ્ટ પાસે મોટી રકમ છે, જેથી સોનગઢમાં ફંડની જરૂર નથી પણ એમ નથી. આપણા ટ્રસ્ટમાં અત્યારે જે આવક છે તેના પ્રમાણમાં ખર્ચ થાય છે; પણ બધાની અપેક્ષા મુજબ ઘણી જરૂરીયાત છે, તેના પ્રમાણમાં મોટું ફંડ ટ્રસ્ટ પાસે નથી. જેથી બધાં મોટાં કામો થઈ શકતા નથી, એ માટે મોટું ફંડ ઉભું કરવાની જરૂર છે માટે આ બાબત દરેકને વિચારવાની જરૂર છે. આપણાં કેટલાક મંડળો પાસે એવી મોટી રકમ છે જેની સામે તેની આવક કરતાં ખર્ચ ઓછો હોય છે સોનગઢ સંસ્થામાં લાખોના ખર્ચ સામે લાખોની આવક હોવી જોઈએ; તથા આપણાં બધા જિનાયતનો, ભોજનાલય, ગેસ્ટહાઉસ વગેરેની જાળવણી કરવા, તેની વ્યવસ્થા માટે મોટા ફંડની જરૂર છે. અમે કેટલીક યોજનાઓ બનાવી રહ્યા છીએ જે હવે પછી જાહેર કરવામાં આવશે.

ઉપરોક્ત હિસાબો જોવાની જેમને ઇચ્છા હોય તેઓએ સેક્રેટરીને લેખિત જાણ કરવાથી સંમતિ આપે તે દિવસે આપ જોઈ શકશો.

તા. ૧-૨-૨૦૦૨

**ટ્રસ્ટીઓ,**
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
**સોનગઢ**

## શ્રી, દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ સંચાલિત શ્રી કહાન સુર્ય દિગંબર જૈન ભોજન સમિતિ, સોનગઢ.

### તા-૩૧-૩-૨૦૦૧નાં પૂરા થતાં વર્ષનું આવક-જાવક ખાતું

| | રકમ | ખર્ચ | રકમ |
|---|---|---|---|
| કાયમી જમણનાં ખર્ચના સ્વા. મંદિર પાસેથી | ૧,૮૬૭૯૧ | દૂધ, શાકભાજી, બળતણ, પોસ્ટેજ પગાર ટેલીફોન, ઈલેક્ટ્રીક--રીપેરીંગ કોઠાર વપરાશ વિગેરે | ૨૨,૮૯,૬૫૨ |
| ફોટા ફંડના વ્યાજનાં, કાયમી ભોજનતિથિ તથા ધ્રુવફંડના વ્યાજના | ૬,૩૦,૫૦૪ | | |
| ભોજન આવક | ૧૪૯૧૭૮૧ | ખર્ચ કરતાં આવક નો વધારો સરવૈયામાં ઉપજ-ખર્ચ ખાતે જમા | ૧,૬૦,૬૬૫ |
| બેન્ક વ્યાજ | ૭૩૧૫ | | |
| કેશ વટાવ | ૧,૫૦૪ | | |
| સાધારણ-ગેસ્ટહાઉસ ભાડા આવક | ૧,૩૨,૪૨૨ | | |
| | ૨૪,૫૦,૩૧૭ | | ૨૪,૫૦,૩૧૭ |

### તા. ૩૧-૩-૨૦૦૧ના રોજ પૂરા થતાં વર્ષનું સરવૈયું

| ફંડ જવાબદારી | રકમ | મિલ્કત-લેણાં | રકમ |
|---|---|---|---|
| સ્વામી વાત્સલ્ય ખુશાલી ફંડ | ૩,૬૦,૧૨૧ | કોઠાર સ્ટોક | ૩,૧૪,૬૯૯ |
| ડીપોઝીટ | ૧૬૦૦ | ડેડસ્ટોક | ૮૩,૮૬૦ |
| અન્ય જવાબદારી | ૧૧૦૦૦ | અન્ય લેણાં | ૧,૫૭,૩૦૭ |
| ઉપજ ખર્ચ ખાતુ | ૩,૧૦,૦૬૬ | બેન્ક ઓફ ઈન્ડિયા સેવીંગ | ૫૭૫ |
| ગ.વ. મુજબ ૧,૪૯,૪૦૧ | | બેન્ક ઓફ ઈન્ડિયાની F.D. | ૧,૦૪,૯૪૧ |
| ચાલુ સાલનો વધારો ૧,૬૦,૬૬૫ | | પુરાંત | ૨૧,૪૦૫ |
| | ૬,૮૨,૭૮૭ | | ૬,૮૨,૭૮૭ |

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ તા. ૩૧-૩-૨૦૦૧નાં રોજ પૂરા થતાં વર્ષનું

### આવક-જાવક

| આવક | ૩૧-૩-૨૦૦૦ | ૩૧-૩-૨૦૦૧ | જાવક | ૩૧-૩-૨૦૦૦ | ૩૧-૩-૨૦૦૧ |
|---|---|---|---|---|---|
| ભાડા | ૫,૫૦૭ | ૧૯,૪૮૨ | મિલ્કત-મરામત | ૧,૪૧,૮૮૨ | ૨,૭૬,૮૬૩ |
| વ્યાજ ખાતે | ૭,૪૩,૬૯૪ | ૭,૨૯,૦૨૧ | વીમા પ્રીમીયમ | -- | ૧૫,૭૪૪ |
| ડીવીડન્ડ વ્યાજ | ૭,૫૮,૮૨૬ | ૧૪,૫૮,૫૯૪ | વહીવટી-ખર્ચ | ૫૫,૦૬૧ | ૭૪,૬૦૬ |
| અન્ય વ્યાજ | ૮૧૩ | ૨૫૦ | ઓડીટ-ખર્ચ | ૧૧,૭૫૦ | ૧૪,૯૨૫ |
| દાન ખાતે | ૧૭,૦૬,૮૫૩ | ૧૨,૧૬,૯૭૪ | ચેરીટી કમીશ્નર ફાળો | -- | ૮૨,૪૨૩ |
| ગુપ્ત ભંડાર | ૩,૫૨,૪૩૭ | ૩,૬૩,૪૦૧ | કાનુની ખર્ચ | ૧૦,૦૦૦ | ૧,૦૦૦ |
| અન્ય આવક | ૨૦,૩૬૧ | ૪૭,૪૮૯ | અન્ય ખર્ચ | ૭૭૭ | ૨,૪૯૯ |
| કાયમી ફંડો ખાતેથી | | | વ્યાજ-ખર્ચ | ૭,૬૫૦ | ૬,૧૨૦ |
| ટ્રાન્સફર | ૫,૪૯,૮૪૧ | ૮,૨૩,૨૪૭ | રીઝર્વ ફંડથી લાવ્યા | ૮,૭૦,૬૭૮ | ૧૫,૭૩,૬૮૬ |
| | | | ધાર્મિક હેતુ ખર્ચ | ૨૨,૨૫,૨૧૫ | ૧૬,૪૬,૪૩૮ |
| | | | વર્ષ આખરે વધારો | ૮,૧૫,૩૧૯ | ૯,૬૪,૧૫૪ |
| | ૪૧,૩૮,૩૩૨ | ૪૬,૫૮,૪૫૮ | | ૪૧,૩૮,૩૩૨ | ૪૬,૫૮,૪૫૮ |

### તા. ૩૧-૩-૨૦૦૧નાં વર્ષનું સરવૈયું

| ફંડો-જવાબદારી | ૩૧-૩-૨૦૦૦ | ૩૧-૩-૨૦૦૧ | મિલ્કતલેણું | ૩૧-૩-૨૦૦૦ | ૩૧-૩-૨૦૦૧ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૧૩૭૦૩૩૨ | ૧૩૭૦૩૩૨ | સ્થાવર મિલ્કત | ૧૮૮૦૪૮૨૩ | ૨૪૫૯૪૨૬૬ |
| મિલ્કત ફંડ | ૧૩૨૪૧૭૪૮ | ૧૨૪૪૮૬૨૩ | ડેડસ્ટોક ફર્નીચર | ૩૯૨૮૭૬ | ૩૯૨૮૭૬ |
| કાયમી ફંડ | ૧૦૯૧૯૧૧૬ | ૨૧૬૭૩૫૨૯ | જંગમ મિલ્કત | ૭૮૭૫૮૯ | ૧૧૮૪૨૯૯ |
| ચાલું ફંડ | ૨૫૧૦૬૭૯ | ૫૮૨૮૩૨૯ | પુસ્તક, કાગળ સ્ટોક | | |
| રૂમ બ્લોક ડીપોઝીટ | ૧૧૭૮૯૬૫ | ૧૪૫૦૨૭૫ | પુસ્તક પ્રીન્ટીંગ | ૩૪૯૯૯૨૨ | ૩૧૪૩૩૨૭ |
| અન્ય દેવા | ૭૪૧૫૭૬ | ૧૩૬૩૬૩૮ | જૈન અતિથી સેવા સમિતિ | ૧૦૫૯૬૦૩ | ૧૦૯૯૧૧૫ |
| ઉપજ-ખર્ચ બાકી | ૮૯૪૭૮૪૫ | ૮૩૩૧૦૧૭ | અન્ય લેણાં | ૮૪૮૯૯૭ | ૬૫૫,૨૫૨ |
| | | | રોકાણો | ૧૨૪૯૧૮૫૦ | ૨૦૫૭૪૯૦૨ |
| | | | બેંક બેલેંસ | ૬૮૧૯૭૭ | ૭૯૨૫૧૨ |
| | | | એડવાન્સ ડીપોઝીટ | ૩૪૨૩૫૦ | -- |
| | | | રોકડ | ૨૭૪ | ૨૯૧૯૪ |
| | ૩૮૯૧૦૨૬૧ | ૫૨૪૬૫૭૪૩ | | ૩૮૯૧૦૨૬૧ | ૫૨૪૬૫૭૪૩ |

તા. ૧-૪-૨૦૦૦ થી તા. ૩૧-૩-૨૦૦૧ કુલ આવક વર્ષ દરમ્યાન

| | | |
|---|---|---|
| કાયમી ફંડોમાં ઉમેરો | ૧,૦૭,૫૪,૧૧૩ | ધ્રુવફંડ ખાતે |
| ચાલુ ફંડોમાં ઉમેરો | ૩૩,૧૭,૬૫૦ | આ રકમ જે ખાતામાં હોય તે ખાતે વાપરવાની હોય છે. |
| | ૧,૪૦,૭૧,૭૬૩ | |
| આવક દાન ભંડાર વ્યાજ | ૪૬,૫૮,૪૫૮ | આ રકમ ખર્ચ માટે વાપરવાની હોય તે મુજબ થોડા વધારા બાદ કરતા વાપરેલી. |
| | ૧,૮૭,૩૦,૨૨૧ | |

[તા. ૯-૨-૨૦૦૨]

# સુવર્ણપુરી સમાચાર

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે:—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : 'શ્રી ઈષ્ટોપદેશ' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

★ **શ્રી સીમંધર—જિનમંદિર—અષ્ટાહ્નિક—મહોત્સવ :—** સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૬૨મો વાર્ષિક અષ્ટાહ્નિક ઉત્સવ તા. ૯-૩-૨૦૦૨, શનિવારથી તા. ૧૬-૩-૨૦૦૨, (ફાગણ સુદ ૨) શનિવાર સુધી છે. આ ઉત્સવ વીસ વિહરમાન જિનમંડલવિધાન, જિનેન્દ્ર-ભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ વિભિન્ન કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

★ **ફાલ્ગુની નન્દીશ્વરી—અષ્ટાહ્નિકાઃ—** સુવર્ણપુરીના શ્રી પંચમેરુ—નંદીશ્વર જિનાલયમાં તા. ૨૧-૩-૨૦૦૨, ગુરુવારથી તા. ૨૮-૩-૨૦૦૨, ગુરુવાર સુધી ફાગણ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકા, શ્રી પંચમેરુ—નંદીશ્વર વિધાનપૂજા ઈત્યાદિ કાર્યક્રમ સાથે ઊજવવામાં આવશે.

★ **શ્રી પંચમેરુ—નંદીશ્વર જિનાલયનો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :—** શ્રી પંચમેરુ—નંદીશ્વર જિનાલયનો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, રવિવાર, તા. ૧૭-૩-૨૦૦૨ થી ફાગણ સુદ ૭, ગુરુવાર, તા. ૨૧-૩-૨૦૦૨ સુધી આનંદોલ્લાસ સાથે પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

★ **પરમાગમમંદિર-પ્રતિષ્ઠાતિથિ :—** ફાગણ સુદ ૧૩, મંગળવાર, તા. ૨૬-૩-૦૨ના દિવસે શ્રી મહાવીર—કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

### ❋ ચિપલુનમાં બાલ શિક્ષણશિબિર સાનંદ સંપન્ન ❋

કહાન—પુષ્પ—પરિવાર દ્વારા ગયા વર્ષે લોનાવાલામાં બાળકો માટે અંગ્રેજી ભાષામાં ધાર્મિક

શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે પણ શિબિર તા. ૨૬-૧૨-૨૦૦૧ થી તા. ૩૦-૧૨-૨૦૦૧—પાંચ દિવસ માટે મહાબલેશ્વર પાસે ચિપલુનમાં રાખવામાં આવેલી. અધ્યાપનકાર્ય ડો. કિરીટભાઈ ગોસળિયા, રાજુભાઈ કામદાર અને સુભાષભાઈ શેઠે સુંદર રીતે કર્યું હતું. નાના બાળકો માટે પણ અધ્યાપનની વ્યવસ્થા કરવામાં આવી હતી. બાળકોના વાલીઓ અને અન્ય મહેમાનો માટે ગુજરાતી ભાષામાં સમયસાર ગાથા ૧ થી ૧૧ ઉપર સરસ પ્રવચનો થયાં હતાં. આ શિબિરનો લાભ લગભગ એકસો બાળકોએ લીધો હતો.

કહાન—પુષ્પ—પરિવાર દ્વારા આયોજિત આ શિબિરને સફળ બનાવવા માટે તેના બધા હોદ્દેદારોએ સારી મહેનત લીધી હતી. મુંબઈનાં બધા મંડળના ટ્રસ્ટી અને વડીલોએ ઉદ્‌ઘાટનમાં તેમ જ સમાપન-સમારોહમાં ઉપસ્થિત રહીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. શિબિરનો સમગ્ર કાર્યક્રમ બહુ જ સફળ અને પ્રોત્સાહક રહ્યો હતો.

## * ખંડવા શહેરમાં તત્ત્વજ્ઞાન—શિક્ષણશિબિર સાનંદ સંપન્ન *

ખંડવા શહેરમાં શ્રી આદિનાથ કુંદકુંદ—કહાન ટ્રસ્ટ દ્વારા તા. ૬-૧-૨૦૦૨ થી ૧૨-૧-૨૦૦૨ સુધી આધ્યાત્મિક શિક્ષણશિબિર સાનંદ સંપન્ન થઈ. પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય ભગવતી માતાની કૃપાથી તથા પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહની શુભાશિષથી ડો. પ્રવીણભાઈ દોશી, રાજકોટ દ્વારા આત્મપ્રાપ્તિના સાધનભૂત વિવિધ પ્રકારના સિદ્ધાંત સમજાવવામાં આવ્યા, જેને સાંભળી ખંડવાના મુમુક્ષુઓને ખૂબ આનંદ થયો. અને આવી શિબિરો દ્વારા તત્ત્વજ્ઞાનની સ્પષ્ટતા માટે ડો. પ્રવીણભાઈને ફરી ફરી પધારવા માટે આમંત્રણ આપ્યું.

*

## વૈરાગ્ય-સમાચાર :—

દુર્ગનિવાસી શ્રી રતિલાલ મૂળજી ખારા (વર્ષ-૯૧) તા. ૨૭-૧૨-૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

બેંગ્લોરનિવાસી શ્રી દોલતરાય જીવનલાલ બાવીશી (વર્ષ-૭૨) તા. ૨૮-૧૨-૦૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી (હાલ-જામનગર) હંસાબેન વ્રજલાલ બાવીશી (વર્ષ-૭૦) તા. ૪-૧-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

નાઈરોબી દિગંબર જૈન મુમુક્ષુમંડળના ધર્મપ્રેમી તેમ જ ઉત્સાહી મહાનુભાવ શ્રી જયંતીલાલ ચમનલાલ શાહ (વર્ષ-૬૫)નું મુંબઈમાં તા. ૮-૧-૨૦૦૨ના દિને હાર્ટ-ફેઈલથી એકાએક અવસાન થઈ ગયું છે, પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય ભગવતી માતાએ દર્શાવેલ અધ્યાત્મ તત્ત્વજ્ઞાનનો રસ તેમને હમણાં થોડા વખતથી થયો હતો. તેમણે ઉત્સાહથી થોડા વખતમાં તે ગ્રહણ કરી લીધું અને મુમુક્ષુમંડળમાં ઉત્સાહથી ભાગ લેતા થયા હતા. છેલ્લે સત્સમાગમનો લાભ લેવા સોનગઢ

આવેલ અને કલશપ્રતિષ્ઠા વખતે સૌધર્મ ઈંદ્ર બનવાનો આદિ અમૂલ્ય લાભ ઘણા જ ઉત્સાહથી લીધો હતો.

રાજકોટનિવાસી (હાલ-મુંબઈ) સવિતાબેન રસિકલાલ મહેતા (વર્ષ-૮૪) (તે શ્રી મુકુંદભાઈ ખારાનાં બેન) તા. ૧૫-૧-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મુંબઈનિવાસી કમળાબેન શાંતિલાલ કામદાર (વર્ષ-૯૦) (તે શ્રી મકનજી દાદા ગઢડાવાળાના દીકરી) તા. ૨૨-૧-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સાગરનિવાસી શ્રીમતી સુધારાની ડાલચંદજી શેઠ તા. ૨૨-૨-૨૦૦૨ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

મંદસૌરનિવાસી મુમુક્ષુમંડળના અધ્યક્ષ શ્રી રીખબચંદજી (વર્ષ-૮૬) તા. ૧૭-૧-૨૦૦૨ના રોજ આકસ્મિક સ્વર્ગવાસ પામ્યા છે.

બોટાદનિવાસી (હાલ મલાડ) શ્રી કંચનબેન બળવંતરાય પારેખ (વર્ષ-૭૫) તા. ૧-૨-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ૨૨ વર્ષની ઉંમરે વિધવા થયેલા ત્યારથી સ્વાધ્યાય-ભક્તિ આદિમાં રસ લેતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

*

❀ હે આત્મહિતૈષી પ્રાણી–! પુણ્યના ફળોમાં હર્ષ ન કર અને પાપના ફળોમાં દ્વેષ ન કર. (કારણ કે આ પુણ્ય અને પાપ) પુદ્‌ગલના પર્યાય છે, ઉત્પન્ન થઈને નાશ પામી જાય છે, અને ફરીને ઉત્પન્ન થાય છે. પોતાના અંતરમાં નિશ્ચયથી —ખરેખર લાખો વાતોનો સાર આ જ પ્રમાણે ગ્રહણ કરો કે પુણ્ય-પાપરૂપ બધાય જન્મ-મરણના દ્વંદ્વરૂપ (રાગ-દ્વેષ) વિકારી મલિનભાવો તોડી હંમેશાં પોતાના આત્માનું ધ્યાન કરો. *(શ્રી છહઢાળા)*

❀ રાવણે રામચંદ્ર અને લક્ષ્મણનો વિનાશ કરવા માટે બહુરૂપિણી વિદ્યા સિદ્ધ કરી, કૌરવોએ પાંડવોનો નાશ કરવા માટે કાત્યાયની વિદ્યા સાધી, કંસે નારાયણનો (શ્રીકૃષ્ણનો) વિનાશ કરવા માટે ઘણી વિદ્યાઓ સાધી પરંતુ તે વિદ્યાઓ દ્વારા રામચંદ્ર, પાંડવો અને કૃષ્ણ નારાયણનું કાંઈ પણ અનિષ્ટ થયું નહિ. રામચંદ્ર વગેરેએ પોતાના વિઘ્નો દૂર કરવા મિથ્યાદેવોની આરાધના ન કરી તોપણ નિર્મળ સમ્યક્ત્વથી ઉપાર્જિત પૂર્વે કરેલાં પુણ્યથી તેમના સર્વ વિઘ્ન દૂર થયા. *(શ્રી બૃહદ્દ્રવ્યસંગ્રહ)*

સુવર્ણપુરીમાં સમ્યક્ત્વ–મહિમાનો સ્વર્ણિમ અવસર

નાઈરોબીનિવાસી શ્રી પ્રફુલ્લભાઈ દેવચંદ રાજા-પરિવાર દ્વારા

**સમ્યક્ત્વતીર્થ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો ૭૦મો**

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

સમ્યક્ત્વતીર્થપ્રભાવક પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત સમ્યક્ત્વતીર્થ સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૦મો વાર્ષિક સમ્યક્ત્વજયંતીનો મંગલ મહોત્સવ (ફાગણ વદ-૧૦) અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં અત્યાનંદોલ્લાસપૂર્વક ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તદનુસાર સોનગઢ (સુવર્ણપુરી) તીર્થધામમાં તા. ૩-૪-૨૦૦૨, બુધવારથી તા. ૭-૪-૨૦૦૨, રવિવાર (ફાગણ વદ-૧૦)—પાંચ દિવસ સુધી—'આ સમ્યક્ત્વજયંતી-મહોત્સવ' શ્રી ચોસઠઋદ્ધિમંડલવિધાનપૂજા, પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમ્યક્ત્વમહિમા-ભરપૂર આધ્યાત્મિક સી.ડી.(C.D.) પ્રવચન, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો—ધર્મચર્ચા વગેરે અનેકવિધ રોચક ધાર્મિક કાર્યક્રમ સાથે અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે. સમ્યક્ત્વપ્રેમી બધા મુમુક્ષુઓને આ સમ્યક્ત્વમહિમાવર્ધક અનુપમ અવસરનો લાભ લેવા માટે સમ્યક્ત્વ-મહિમામહોત્સવના આયોજક નાઈરોબીનિવાસી શ્રી પ્રફુલ્લભાઈ દેવચંદ રાજા-પરિવાર તરફથી હાર્દિક અનુરોધ છે.

(નિમંત્રણપત્રિકાની લેખનવિધિ તા. ૧૦-૩-૨૦૦૨, રવિવારના દિવસે રાખવામાં આવેલ છે. એ મંગલ અવસર ઉપર પણ મહોત્સવ-આયોજક-મહોદય તરફથી સર્વે મુમુક્ષુઓને પધારવા માટે હાર્દિક નિમંત્રણ છે.)

卐

❀ મનુષ્ય અન્યકે અનુરોધસે (પ્રાર્થનાસે) અન્યકે લિયે અતિ નીંદનીય અસત્ય કહકર નરકપુરીકો ચલા જાતા હૈં જૈસે વસુ રાજા અનિંદ્ય આચરણવાલા ઔર ગુણી થા, પરંતુ અપને સહાધ્યાયી ગુરુપુત્ર (પર્વત) કે લિયે જૂઠી સાક્ષી દેનેસે નરકકો ગયા. યહ જગત્પ્રસિદ્ધ વાર્તા હૈ (ઈસકી કથા પુરાણોંમેં પ્રસિદ્ધ હૈ). ઈસ કારણ પરકે લિયે ભી જૂઠ બોલના નરકકો લે જાતા હૈ.

*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૯, શ્લોક-૪૧)*

❑ ❑ ❑

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334

પ્રત : ૫૪૦૦

79 PRANLAL ...
"KAHAN D...
NEAR PRAV... MANDAP
...364 125